ક્રમાંક. ક - ૩/પરચ/૨૦૨૬/ ૧૦૦૪૫
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અનાવીલ ભવન સામે,કારેલીબાગ,
વડોદરા.
તા.૧૧/૦૯/૨૦૨૬

·૨/- જાણ તથા અમલવારી કરવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, ગ્રાન્ટેડ તથા નોન ગ્રાન્ટેડ મા. અને ઉ.મા. શાળાઓ,(તમામ)
જિ. વડોદરા.

**નકલ રવાના (જાણ તથા અમલવારી કરવા સારું.)**

- શિ.નિ.શ્રી/મ.શિ.નિ.શ્રી, (તમામ) જિ. વડોદરા

(५)

| | |
|---|---|
| सत्यमेव जयते<br>Government of Gujarat | ગુજરાત સરકાર<br>શિક્ષણ વિભાગ<br>બ્લોક નં. ૫, આઠમો માળ, સચિવાલય,<br>ગાંધીનગર -૩૮૨૦૧૦.<br>ફોન નં. ૦૭૯-૨૩૨-૫૧૩૩૬, so-ch-edu@gujarat.gov.in |

પત્ર ક્રમાંક: ED/MIS/e-file/3/2026/4554/CH

પ્રતિ,

(૧) સ્ટેટ પ્રોજેક્ટ ડારેક્ટરશ્રી, સમગ્ર શિક્ષાની કચેરી,

વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગાંધીનગર-૩૮૨૦૧૦

(૨) કમીશનરશ્રી, શાળાઓની કચેરી,

વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગાંધીનગર-૩૮૨૦૧૦

(3) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર,

સેકટર-૧૯, ગાંધીનગર-૩૮૨૦૧૦

વિષય : શાળાઓના આચાર્યશ્રી મારફત Digital Gujarat Portal ઉપર પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ/સહાયની દરખાસ્ત સત્વરે ઓનલાઇન મોકલી આપવા બાબતે.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય અંગેના સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૩/૦૭/૨૦૨૬ના પત્ર (ક્રમાંક : SJED/ESF/e-file/17/2026/1780/A-1) ની નકલ મોકલી આપતાં જણાવવાનું કે, ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે જુદી જુદી પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનાઓનું રીવ્યુ કરતા નિયામક, વિકસતી જાતિ કલ્યાણ અને નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગના અંદાજિત પત્રક મુજબના વિદ્યાર્થીઓની દરખાસ્તો સંબંધિત શાળાઓના આચાર્યશ્રી મારફત Digital Gujarat Portal ઉપર હજી સુધી મોકલી આપવામાં આવેલ નથી. જેથી પ્રસ્તુત પત્રથી શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માં શિક્ષણ વિભાગના તાબા હેઠળની શાળાઓના આચાર્યશ્રી મારફત Digital Gujarat Portal ઉપર પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ/સહાયની દરખાસ્ત સત્વરે ઓનલાઇન મોકલી આપવા સંબંધિત અધિકારીશ્રીઓને જરૂરી સૂચના આપવા વિનંતી કરેલ છે.

આથી સદર પત્રની વિગતે તાત્કાલિક નિયમોનુસાર કાર્યવાહી હાથ ધરવા આજ્ઞાનુસાર વિનંતી છે.

8-3 10/9/26

બિડાણ: ઉપર મુજબ

જિ. શિ. અ. કચેરી, વડોદરા.
પત્રની નોંધણી નંબર 7207
તા. 22/09/2026
કચેરીની સહી..................

આપનો વિશ્વાસુ,

(આર. જે. ચૌધરી)

સેકશન અધિકારી

શિક્ષણ વિભાગ

ignature Not Verified

હર્ષદ આર. પટેલ, આઈ.એ.એસ.
સચિવ

ક્રમાંક : SJED/ESF/e-ફાઇલ/2026/1780/A-:
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ગુજરાત સરકાર
૫/૯, સરદાર ભવન, સચિવાલય,
ગાંધીનગર-૩૮૨૦૧૦
તા. 23/07/2026

સ્નેહીશ્રી, મિલિન્દ તોરવણે સર,

આ વિભાગ હસ્તકની નિયામક, વિકસતી જાતિ કલ્યાણ અને નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ દ્વારા રાજ્ય સરકાર તેમજ કેન્દ્ર સરકારની જુદી-જુદી પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ/સહાય યોજનાઓનો અમલ Digital Gujarat Portal મારફત કરવામાં આવે છે. જે અંગેની કામગીરી સંબંધિત શાળાના આચાર્યશ્રીએ ઓનલાઈન કરવાની રહે છે.

હાલમાં, ચાલુ શૈક્ષણિક વર્ષ:-૨૦૨૬-૨૭ માટે જુદી જુદી પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનાઓનું રીવ્યુ કરતા નિયામક, વિકસતી જાતિ કલ્યાણ અને નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગના અંદાજિત **નીચે** મુજબના વિદ્યાર્થીઓની દરખાસ્તો સંબંધિત શાળાઓના આચાર્યશ્રી મારફત Digital Gujarat Portal ઉપર **હજી** સુધી મોકલી આપવામાં આવેલ નથી.

| ક્રમ | યોજના | રાજ્ય/કેન્દ્ર પુરસ્કૃત | લક્ષ્યાંક (લાખમાં) | મળેલ અરજી (લાખમાં) | મળવાની બાકી (લાખમાં) |
|---|---|---|---|---|---|
| ૧ | પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ | રાજ્ય | ૩૫.૨૩ | ૧૪.૯૮ | ૨૦.૨૫ |
| ૨ | પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ | કેન્દ્ર | ૫.૯૭ | ૧.૨૭ | ૪.૭૦ |
| કુલ | | | ૪૧.૨૦ | ૧૬.૨૫ | ૨૪.૯૫ |

આથી, આપશ્રીના તાબા હેઠળના આચાર્યશ્રીઓને પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ/સહાયની દરખાસ્ત સત્વરે ઓનલાઇન મોકલી આપવા સંબધિત અધિકારીશ્રીઓને જરૂરી સૂચના આપશો તો હું આપનો આભારી રહીશ.

કુશળ હશો.

(હર્ષદકુમાર પટેલ)

પ્રતિ,
અગ્ર સચિવશ્રી,
પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ વિભાગ,
બ્લોક નં ૫/૭મો માળ,
સરદાર ભવન, સચિવાલય,
ગાંધીનગર.

નકલ સવિનય રવાના:

- માન.મુખ્ય સચિવશ્રી, ગુજરાત સરકાર તરફ જાણ સારૂ..

કમિશનર શાળાઓની કચેરી,
વિદ્યા સમીક્ષા કેન્દ્ર, બીજો માળ,
સેક્ટર-૧૯, ગાંધીનગર

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
જિ.(તમામ).

વિષય: શાળાઓના આચાર્યશ્રીઓ મારફત Digital Gujarat Portal ઉપર પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ/સહાયની દરખાસ્ત સત્વરે ઓનલાઇન મોકલી આપવા બાબત.

સંદર્ભ: શિક્ષણ વિભાગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક: ED/MIS/e-file/3/2026/4554/CH, તા. ૦૫/૦૮/૨૦૨૬.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ દર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હસ્તકના નિયામક, વિકસતી જાતિ કલ્યાણ અને નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ દ્વારા રાજ્ય સરકાર તેમજ કેન્દ્ર સરકારની જુદી જુદી પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ/સહાય યોજનાઓનો અમલ Digital Gujarat Portal મારફત કરવામાં આવે છે. જે અંગેની કામગીરી સંબંધિત શાળાના આચાર્યશ્રીએ ઓનલાઇન કરવાની રહે છે.

ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે રાજ્ય સરકાર તેમજ કેન્દ્ર સરકાર પુરસ્કૃત જુદી-જુદી પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનાઓ હેઠળ વિદ્યાર્થીઓની ઓનલાઇન દરખાસ્તો Digital Gujarat Portal મારફત સંબંધિત શાળાઓના આચાર્યશ્રીઓ દ્વારા કરવાની થાય છે.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તાજેતરના રીવ્યુ મુજબ, નિયામક, વિકસતી જાતિ કલ્યાણ અને નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગના અંદાજિત લક્ષ્યાંક સામે ખૂબ જ ઓછી સંખ્યામાં વિદ્યાર્થીઓની દરખાસ્તો Digital Gujarat Portal ઉપર સબમિટ થયેલ છે. હજુ પણ રાજ્ય અને કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ હેઠળ અંદાજે ૨૪.૯૫ લાખ જેટલા પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિની દરખાસ્તો શાળાઓના આચાર્યશ્રીઓ તરફથી મળવાની બાકી છે. શિષ્યવૃત્તિથી કોઈ પણ પાત્રતા ધરાવતો વિદ્યાર્થી વંચિત ન રહી જાય તે સુનિશ્ચિત કરવું અનિવાર્ય છે.

આથી, આપના તાબા હેઠળની તમામ સરકારી, ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓને ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટેના બાકી રહેતા તમામ પાત્ર વિદ્યાર્થીઓની જુદી જુદી પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ/સહાયની દરખાસ્તો Digital Gujarat Portal પર તાત્કાલિક અને સમયમર્યાદામાં ઓનલાઇન સબમિટ કરવા માટે આપના સ્તરેથી કડક સૂચનાઓ જાહેર કરવા જણાવવામાં આવે છે.

બિડાણ: સંદર્ભિત પત્રોની નકલ

નાયબ શિક્ષણ નિયામક (માધ્યમિક)
કમિશનર શાળાઓની કચેરી,
ગુ.રા, ગાંધીનગર.

નકલ રવાના જાણ સારૂ:

- સેક્શન અધિકારીશ્રી, ચ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર